सत्यमेव जयते

દાવો રજૂ કર્યા તારીખ ૧૨ / ૦૧ / ૨૦૧૭
દાવો દાખલ કર્યા તારીખ ૧૨ / ૦૧ / ૨૦૧૭
દાવો ફેસલ કર્યા તારીખ ૨૧ / ૦૪ / ૨૦૧૮
સમયગાળો ૦૯–દિવસ, ૦૩–માસ, ૦૧–વર્ષ

**ગીર–સોમનાથ(વેરાવળ)ના મહે. ચોથા(એડહોક) એડીશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સ્પેશ્યલ જજશ્રી એમ. જે. રાવલ સાહેબની કોર્ટમાં, મુ. વેરાવળ.**

**સ્પે. (ઈલે.) દિ. મુ. નં. ૪૭/૧૭**
**(જુના રે.દિ.મુ. નં. ૧૦૭/૧૭)**
**આંક :– ૨૨**

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
તે ગુજરાત વિદ્યુત બોર્ડ, વૈદ્યાનિક સંસ્થાની
સકસેસર કંપની, તાલાલા સબ–ડિવીઝન,
મુ. તાલાલા. **...... વાદી**

**<u>–:: વિરુધ્ધ ::–</u>**

શ્રી રેખાબેન ભગવાનભાઈ સોલંકી,
ઉ. વ. પુખ્ત, ધંધો : ઘરકામ/મજુરી,
રહે. સાંગોદરા, તા. તાલાળા(ગીર). **...... પ્રતિવાદી**

**દાવો :–** વિજળી અધિનિયમ–૨૦૦૩ ની કલમ–૧૫૪(૫) મુજબ પાવર ચોરી બીલ વસુલ લેવા

---

વાદી તરફે : વિ. વ. શ્રી એમ. ડી. વાળા.
પ્રતિવાદી તરફે : એકતરફી.

---

**–:: ચુકાદો ::–**

(૧) વાદી વીજ કંપનીના નાયબ ઈજનેરશ્રીએ હાલના પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વીજચોરી કરેલી તેના પાવરચોરી અંગેના બીલની રકમ વસુલ લેવા માટે હાલનો વિગતવાર દાવો કરેલ છે અને વાદીએ એવી દાદ માંગેલ છે કે, પ્રતિવાદી દાવાવાળી રકમ રૂા. ૩૪,૧૨૬–૮૪ પૈ. બાકી લેણાં વસુલ થતાં સુધી ૧૮% લેખે ડીલે પેમેન્ટ ચાર્જીસ તથા આ દાવાની તમામ અદાલતી ખર્ચ સહિત પ્રતિવાદીની તમામ પ્રકારની સ્થાવર જંગમ મિલકત ઉપરથી તેમજ તેમની જાત ઉપરથી વાદી કંપનીને વસુલ આપે તેવું હુકમનામું વાદી કંપનીની તરફેણમાં કરી આપવા તથા તે સિવાય કાયદા અને પુરાવાના આધારે બીજી મળતી અને અપાવી શકાતી તમામ દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) હાલના કામે દાવાનો સમન્સ પ્રતિવાદીને મોકલવામાં આવતા આંક–૦૫ વાળો સમન્સ પ્રતિવાદીને બજી જતાં પ્રતિવાદી કે તેમના તરફે કોઈ હાજર થયેલ ન હોય કે કોઈ રજુઆત કરેલ ન હોય સબબ કામ પ્રતિવાદી વિરુધ્ધ એક તરફી ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

(૩) આ કામે પક્ષકારોના પક્ષ નિવેદન ધ્યાને લઈ આ દાવાના આખરી નિર્ણય માટે આંક–૦૬ થી નીચે મુજબના મુદાઓ કાઢેલા છે.

**મુદાઓ :–**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ કહેવાતી વીજચોરી કરેલી છે?
(૨) શું વાદી, પ્રતિવાદી પાસેથી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?
(૩) શું હુકમ અને હુકમનામું?

(૪) ઉપરોકત મુદાઓ પરના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) " પુરવાર થયેલ છે",
(૨) "અંશતઃહકારમાં, રૂા. ૩૧,૩૮૧–૦૦ પૈ. મેળવવા હકકદાર છે" ,
(૩) આખરી હુકમ મુજબ.

(૫) આ કામે વાદી તરફે પોતાના દાવા તથા હકીકતના સમર્થનમાં વાદી સાહેદ ધવલકુમાર રૂપસિંહ પરમારે આંક–૦૭ થી સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે અને દાવા અરજીના સમર્થનમાં આંક–૦૯ થી ૨૦ સુધીના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે ત્યારબાદ વાદી તરફે આંક–૨૧ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરેલ છે. પ્રતિવાદી તરફે હાલનો દાવો એકતરફી ચલાવવા હુકમ થયેલ હોય વાદીના વિ. વ. શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

**–:: કારણો ::–**

**મુદા નં. ૧ તથા ૨ ::–**

(૬) આ કામે મુદા નં. ૧ તથા ૨ એકબીજા સાથે સંકળાયેલા હોવાથી પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૭) વાદી તરફે આંક–૦૭ થી સાહેદ ધવલકુમાર રૂપસિંહ પરમારે પોતાની સરતપાસ નું સોગંદનામું રજૂ કરેલ છે અને આંક–૦૯ થી ૨૦ સુધીના રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાને પોતાના સોગંદનામાથી સમર્થન આપેલ છે અને તે રીતે પોતાની દાવા હકીકત પુરવાર કરેલ છે. પ્રતિવાદી જાતે કે તેમના વિ. વ. શ્રીએ હાજર રહી વાદીની દાવા હકીકતોનું કોઈ ખંડન કરેલ નથી અને તેથી વાદીના વિ. વ. શ્રીની દલીલો સાથે સમંત થઈ હાલના પ્રતિવાદીએ કહેવાતી વીજ ચોરી કરેલ હોવાનું માની લઈ મુદા નં. ૧ નો જવાબ " પુરવાર થયેલ છે " તેમ આપી આ કામે વાદી વીજ કંપની ધ્વારા જે ગણતરી પત્રક તૈયાર કરવામાં આવેલું તે મુજબ અને પ્રતિવાદીને વીજ ચોરી પેટે જે પુરવણી બીલ આપેલું તે મુજબ વાદી જણાવે છે તેવી રકમ નિયમ મુજબની હોવાનું પણ પુરવાર થાય છે. આ કામે રેકર્ડ ઉપરની હકીકત તથા પુરાવા વંચાણે લેતાં પ્રતિવાદીએ જે વીજ ચોરી કરેલી છે અને તેનું પુરવણી બીલ તૈયાર કરવામાં આવેલ છે તે મુજબ રૂા. ૩૧,૩૮૧–૦૦ પૈ. વસુલ મેળવવા વીજ કંપનીને અધિકાર પહોંચે છે પરંતુ વાદીને પ્રતિવાદી પાસેથી ડી. પી. સી. ચાર્જ પેટે રૂા. ૨,૭૪૫–૮૪ પૈ. વસુલ મેળવવા કઈ રીતે હકક પહોંચે છે તે વાદી સ્પષ્ટ કરી શકેલા નથી તેથી વાદી ડી.પી.સી. ની રકમ મેળવવા હકકદાર બનતા નથી તે સંજોગોમાં રૂા. ૩૧,૩૮૧–૦૦ પૈ. વાદીના પ્રતિવાદી પાસે બાકી લેણાં નીકળતા હોવાનું પુરવાર થતું હોય મુદા નં. ૨ નો જવાબ " અંશતઃ હકારમાં આપી રૂા. ૩૧,૩૮૧–૦૦ પૈ. વસુલ મેળવવા વાદી હકકદાર છે " તેમ આપવામાં આવે છે અને હાલના કામે દાવાની હકીકત, રેકર્ડ ઉપરના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં આ કામે વાદી પોતાની દાવા હકીકત પુરવાર કરી શકેલ હોવાનું

માની લઈ ન્યાયના વિશાળ હિતમાં મુદા નં. ૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

વાદીનો હાલનો દાવો ખર્ચ સહ અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

આ કામે દાવાવાળી રકમ રૂા. ૩૧,૩૮૧–૦૦ પૈ. (અંકે રૂપિયા એકત્રીસ હજાર ત્રણસો એકયાસી પુરા) પ્રતિવાદીની જાત વ હરેક મિલકતથી વાદી વસુલ મેળવવા હકકદાર છે તેવો વાદીના લાભમાં હુકમ કરવામાં આવે છે.

આ દાવાનો વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો.

હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા. ર૧, માહે–એપ્રિલ, સને–ર૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વેરાવળ.
તારીખ : ર૧/૦૪/ર૦૧૮

(મનુભાઈ જેઠાભાઈ રાવલ)
ચોથા(એડહોક)એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ
સ્પેશ્યલ જજ, ગીર–સોમનાથ(વેરાવળ)
કોડ નં. જીજે ૦૦૪૭૧